# 9 સામાજિક ધોરણભંગ, બાળઅપરાધ અને યુવા અજંપો

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, એકમ–8માં આપે પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખાં અંગેની માહિતી મેળવી. પંચાયતી રાજના અસરકારક અમલીકરણ માટે ત્રણેય સ્તરમાં સભ્યોની નિષ્ઠાપૂર્વકની ભૂમિકાની ભજવણી આવશ્યક છે. સભ્યો પોતાના દરજ્જા અનુસાર ભૂમિકાને યોગ્ય રીતે ભજવી શકે તે માટે ધોરણોનું માળખું રચાયેલું હોય છે. ધોરણોનું આ માળખું વ્યક્તિને ભૂમિકા ભજવવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. જ્યારે કોઈ સભ્ય આ માળખામાં દર્શાવેલાં ધોરણોથી વિરુદ્ધનું વર્તન કરે છે ત્યારે ધોરણભંગની પરિસ્થિતિ નિર્માણ પામે છે. વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે ધોરણભંગ વર્તન કોને કહેવાય અને તેની લાક્ષણિકતાઓ કઈ કઈ છે તે અંગેની સમજ મેળવી, બાળ અપરાધ અને યુવાઅજંપાની ચર્ચા કરીશું.

સમાજમાં પ્રવર્તમાન નિયમો માટે સમાજશાસ્ત્રમાં 'સામાજિક ધોરણો' શબ્દ પ્રયોજાય છે. સામાજિક ધોરણો સાર્વત્રિક રીતે વિશ્વના તમામ સમાજોમાં જોવા મળે છે. કોઈ પણ સામાજિક વ્યવસ્થાના અસ્તિત્વનો આધાર સામાજિક ધોરણો છે. આ ધોરણો જ સમાજના સભ્યોને વર્તન કરવા અંગે માર્ગદર્શન પૂરું પાડતા હોય છે. સામાજિક ધોરણ એ સમાજવ્યવસ્થાનો પાયો છે અને સમાજની વ્યવસ્થા ધોરણોના આધાર પર ચણાયેલી ઇમારત છે. વિદ્યાર્થીમિત્રો, કલ્પના કરો કે તમે જે શાળામાં અભ્યાસ કરો છો, તે શાળાના કોઈ નિયમો જ ન હોય તો શાળાનું અસ્તિત્વ સંભવી શકે ખરું ? સામાજિક ધોરણ દ્વારા સમાજ સભ્યોનાં વર્તનનું નિયંત્રણ કરી એકતા, સુગ્રથન અને સાતત્ય જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરે છે. આવો પ્રયત્ન સમાજમાં સમૂહજીવનના વાતાવરણનું સર્જન કરે છે અને સામાજિક સંબંધો બાંધવામાં તથા વ્યક્તિની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદરૂપ થાય તેવું વર્તન કરવા માટે પ્રેરે છે.

સામાજિક ધોરણોનું પાલન કરવાના સંદર્ભે સમાજમાં બે પ્રકારનાં વર્તન જોવા મળે છે :

**(1)** ધોરણ અનુરૂપ વર્તન (ધોરણ અનુરૂપતા)

**(2)** ધોરણ વિરુદ્ધ વર્તન (ધોરણભંગ અથવા સામાજિક વિચલન)

દરેક સમાજને પોતપોતાનાં આગવાં ધોરણો હોય છે. આ ધોરણોમાં લોકરીતિઓ, રિવાજો, મૂલ્યો, ટ્રાફિકના નિયમો, રાજ્યએ ઘડેલા કાયદાઓ વગેરેનો સમાવેશ થાય છે. દરેક સમાજના સભ્યો પોતાના સમાજમાં પ્રવર્તતાં સામાજિક ધોરણોનો સ્વીકાર કરી, ધોરણોની મર્યાદામાં રહી, તે મુજબ પોતાનો વર્તનવ્યવહાર ગોઠવે તો તેને ધોરણ અનુરૂપ વર્તન કહેવાય. સમાજના તમામ સભ્યો દ્વારા હંમેશાં ધોરણ અનુરૂપ વર્તન થતું જ હોય કે થાય તેવું જોવા મળતું નથી. સમાજના કેટલાક સભ્યો દ્વારા ક્યારેક જાણતાં-અજાણતાં ધોરણોથી વિરુદ્ધ વર્તન થઈ જતું હોય છે. આવું સામાજિક ધોરણથી વિરુદ્ધનું વર્તન એટલે સામાજિક ધોરણભંગ વર્તન કે સામાજિક વિચલન. જો સમાજમાં ધોરણભંગ વર્તનની માત્રા અને પ્રમાણમાં વધારો થાય તો તે સમાજ માટે પડકારરૂપ અને સમસ્યારૂપ બને છે. સમાજની એકતા અને સુગ્રથન જોખમાય છે. તેથી સમાજશાસ્ત્રમાં સામાજિક ધોરણભંગ વર્તનનો અભ્યાસ કરવામાં આવે છે.

**સામાજિક ધોરણભંગ વર્તનની વ્યાખ્યા**

**હોર્ટન અને હન્ટ** – 'સમાજના ધોરણોનું અનુસરણ કરવાની કોઈ પણ નિષ્ફળતા એટલે સામાજિક ધોરણભંગ.'

**માર્શલ ક્લિનાર્ડ** – 'સમાજ દ્વારા અમાન્ય કે પ્રતિબંધિત દિશામાં સભ્યોનો સામાજિક વ્યવહાર સહ્ય વર્તનની સીમાની બહાર જાય તેને સામાજિક ધોરણભંગ કહેવાય.'

સમાજશાસ્ત્રી રોબર્ટ મર્ટનના મતે સમાજ માન્ય ધોરણોથી વિરુદ્ધનું વ્યક્તિનું વર્તન એટલે સામાજિક ધોરણભંગ. મર્ટને ધોરણભંગના ખ્યાલને વધુ સ્પષ્ટ કરવા માટે એનોમીનો સિદ્ધાંત આપ્યો હતો. જ્યારે હાવર્ડ બેકર, ધોરણભંગને સમાજ દ્વારા સ્વીકારાયેલ નિયમોના ભંગ તરીકે ઓળખાવે છે. ટૂંકમાં સામાજિક ધોરણભંગ વર્તન એટલે સમાજે રચેલાં કે પ્રસ્થાપિત કરેલાં ધોરણોથી વિરુદ્ધનું વર્તન કે ધોરણોનો ભંગ કરતું વર્તન.

સમાજવ્યવસ્થાની જાળવણી માટે બે પ્રકારનાં ધોરણો જોવા મળે છે : (1) હકારાત્મક ધોરણો એટલે કે વ્યક્તિએ કેવું વર્તન કરવું તે દર્શાવતાં ધોરણો. દા.ત., વડીલોને આદર આપવો અને (2) નકારાત્મક ધોરણો એટલે કે વ્યક્તિએ કેવું વર્તન ન કરવું તે દર્શાવતાં ધોરણો. દા.ત., ચોરી ન કરવી.

ટૂંકમાં એમ કહી શકાય કે સામાજિક ધોરણો વ્યક્તિનું કયું વર્તન યોગ્ય છે અને કયું વર્તન અયોગ્ય છે, કયું વર્તન ઉચિત છે કે કયું વર્તન અનુચિત છે તે અંગેની સ્પષ્ટતા કરી આપતાં હોય છે. સામાજિક ધોરણોના નિર્માણમાં વ્યક્તિ અને સમાજ બંને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે ધોરણોને સમાજનું કે સમૂહનું સમર્થન મળે છે, એવાં ધોરણોને જ સામાજિક ધોરણો કહેવાય. તમામ પ્રકારનાં ધોરણોને આપણે સામાજિક ધોરણો

કહી શકીએ નહિ. સમાજ દ્વારા રચાયેલાં કે ઘડાયેલાં આ ધોરણોનું પાલન કરીને વ્યક્તિ સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં યોગદાન આપે છે.

સામાજિક ધોરણભંગ વર્તનની આટલી પ્રાથમિક સમજૂતી મેળવ્યા બાદ હવે આપણે તેની લાક્ષણિકતાઓનો પરિચય મેળવીએ.

**સામાજિક ધોરણભંગ વર્તનનાં લક્ષણો :**

**(1) સામાજિક ધોરણભંગ વર્તન એ વાર્તનિક ઘટના છે :**

સમાજમાં પ્રસ્થાપિત ધોરણો વ્યક્તિનાં વર્તનમાં અભિપ્રેત થતાં હોય છે. ધોરણોના સંદર્ભમાં જ વ્યક્તિ સમાજમાં પોતાના વર્તન-વ્યવહાર કરતો હોય છે. આ અર્થમાં ધોરણ અનુરૂપતા અને ધોરણભંગ એ વાર્તનિક ઘટના છે.

**(2) સામાજિક ધોરણભંગ વર્તન એ સાર્વત્રિક ઘટના છે :**

વિશ્વનો કોઈ પણ સમાજ - પછી તે સાદો સમાજ હોય કે વિકસિત સમાજ, તેમાં વત્તા-ઓછા પ્રમાણમાં ધોરણભંગ વર્તન જોવા મળતું હોય છે. સામાન્યતઃ સમાજનો દરેક સભ્ય ધોરણનું પાલન કરી વર્તન કરે એ ઇચ્છનીય હોય છે; પરંતુ હંમેશાં સમાજના તમામ સભ્યોથી દરેક પરિસ્થિતિમાં ધોરણોનું પાલન કરવું શક્ય બનતું નથી અને તેથી જ ધોરણભંગ વર્તનની ઘટના સર્જાતી હોય છે. આ અર્થમાં સામાજિક ધોરણભંગ વર્તન એક સાર્વત્રિક ઘટના છે એમ કહી શકાય.

**(3) સામાજિક ધોરણભંગ વર્તન સાપેક્ષતા ધરાવે છે :**

સામાજિક ધોરણભંગ વર્તન સાપેક્ષ છે. એક સમાજમાં જે વર્તન ધોરણભંગ ગણાતું હોય તે વર્તન બીજા સમાજમાં ધોરણભંગ વર્તન ન પણ હોય. દા.ત., ગુજરાતમાં મદ્યપાન કરવું તે ધોરણભંગ વર્તન છે, જ્યારે મહારાષ્ટ્રમાં તે ધોરણભંગ વર્તન ગણાતું નથી. કોઈ પણ સમાજનાં ધોરણોને તે સમાજની સંસ્કૃતિ અને મૂલ્યો સાથે સીધો સંબંધ હોય છે. મૂલ્યો અને સંસ્કૃતિમાં તફાવત હોવાને કારણે તે સમાજનાં ધોરણો અન્ય સમાજ કરતાં અલગ હોય તે સમજી શકાય તેવી બાબત છે. આ અર્થમાં સામાજિક ધોરણભંગ વર્તન સાપેક્ષતા ધરાવે છે.

**(4) સામાજિક ધોરણભંગ વર્તનનું વૈવિધ્ય :**

જ્ઞાતિ, જાતિ, ધર્મ, ગામડું, શહેર જેવી બહુવિધતા ધરાવતા ભારતીય સમાજમાં ધોરણોની બહુવિધતા જોવા મળે છે. ધોરણોનું આવું વૈવિધ્ય ધોરણભંગ વર્તનની શક્યતા વધારે છે. આથી ધોરણભંગ વર્તનની સાથે સહ્ય વર્તનની સીમાના ખ્યાલને સમજવો જરૂરી છે. આ ખ્યાલ મુજબ જ્યાં સુધી સમાજના સભ્યો ધોરણની સહ્ય સીમા કે મર્યાદામાં રહીને વર્તન-વ્યવહાર કરે ત્યાં સુધી તે વર્તન ધોરણભંગ વર્તન ગણાતું નથી; પરંતુ જ્યારે વ્યક્તિ કે સમૂહ સમાજે નિયત કરેલી આ સહ્ય-સીમા રેખાને ઓળંગે છે ત્યારે તે સામાજિક ધ્યેયપ્રાપ્તિ માટે પડકારજનક બને છે. આથી વ્યક્તિનું કે સમૂહનું આવું વર્તન ધોરણભંગ વર્તન બને છે.

**(5) સામાજિક ધોરણભંગ વર્તન સામાજિક અપેક્ષાઓથી વિરુદ્ધનું વર્તન છે :**

દરેક સમાજ પોતાના અસ્તિત્વને ટકાવવા, વ્યક્તિના વર્તનનું નિયંત્રણ કરવા સામાજિક ધોરણો ઘડે છે. તેથી સ્વાભાવિક રીતે જ સામાજિક ધોરણ સાથે સામાજિક અપેક્ષાઓ જોડાયેલી હોય છે. સામાજિક વ્યવસ્થાની જાળવણી થાય, સામાજિક સંવાદિતા ટકી રહે અને સામાજિક ધ્યેયોની પ્રાપ્તિ સરળ બને તે માટે સમાજ પોતાના સભ્યો પાસેથી ધોરણ અનુરૂપ વર્તનની અપેક્ષા રાખે છે. સમાજની આ અપેક્ષાથી વિરુદ્ધનું વર્તન સામાજિક ધોરણભંગ વર્તન તરીકે ઓળખાય છે.

**(6) સામાજિક ધોરણભંગ વર્તન અનિચ્છનીય સામાજિક વર્તન છે :**

વ્યક્તિ કે સમૂહનાં જે વર્તનથી સામાજિક વ્યવસ્થાતંત્ર ખોરવાય એવી સ્થિતિ સમાજના મોટા ભાગના લોકો માટે હંમેશાં અનિચ્છનીય હોય છે. કોમી હુલ્લડો, નક્સલવાદ, નશીલાં દ્રવ્યોની હેરાફેરી જેવી અનેક પરિસ્થિતિ મોટાભાગના લોકો માટે અનિચ્છનીય હોય છે. ધોરણભંગ વર્તનથી ઊભી થતી અરાજકતા તરફ તેઓ નારાજગી વ્યક્ત કરતા હોય છે. આ રીતે જોઈએ તો સામાજિક ધોરણભંગ વર્તન અનિચ્છનીય સામાજિક વર્તન છે.

કોઈ પણ સમાજની વ્યક્તિના ધોરણભંગ વર્તન માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. નબળું સામાજિકીકરણ, ધોરણોનો નબળો અમલ, નબળી સજાપદ્ધતિ, ધોરણોનો અસ્પષ્ટ વિસ્તાર, ભ્રષ્ટાચારી અમલીતંત્ર, ધોરણો વચ્ચેની વિસંવાદિતા, બચાવ પ્રયુક્તિઓ અને સમૂહ માધ્યમો જેવાં પરિબળો ધોરણભંગ વર્તનની સ્થિતિ નિર્માણ કરવામાં સહાયક બને છે. સામાન્ય સંજોગોમાં સામાજિક ધોરણભંગ વર્તન સમાજ માટે હાનિકારક હોય છે એવું માનવામાં આવે ત્યારે એક બાબત ધ્યાનમાં રાખવી ઘટે તે એ છે કે ધોરણભંગ વર્તનની ઘટના ક્યારેક સમાજમાં પરિવર્તનને

જન્મ આપી સમાજ માટે ફાયદાકારક પણ બનતી હોય છે. સમાજમાં પ્રવર્તતાં કેટલાંક ધોરણો કે જે સમાજના વિકાસમાં અવરોધક બની સમાજમાં જડતા ફેલાવતા હોય ત્યારે તે ધોરણોનો ભંગ કરતું વર્તન સમાજ માટે રચનાત્મક ભૂમિકા પણ ભજવતા હોય છે. જેમ કે, રાજારામમોહન રાયનો સતીપ્રથાનો વિરોધ કે ગાંધીજી દ્વારા કરવામાં આવેલી દાંડીકૂચ. આમ, સામાજિક ધોરણભંગ વર્તનની ઘટના એ ખંડનાત્મક અને રચનાત્મક એમ બંને સ્વરૂપે જોવા મળતી હોય છે.

ધોરણભંગ વર્તનમાં અપરાધી વર્તન અને સમાજવિરોધી વર્તન - એ બંનેનો સમાવેશ થઈ જાય છે. સમાજમાં કોઈ વ્યક્તિ કે સમૂહ રાજ્યએ ઘડેલા કાયદા કે કાનૂનનું ઉલ્લંઘન કરે છે, ત્યારે તેને અપરાધ કહેવામાં આવે છે. દા.ત., 1961માં ઘડાયેલ દહેજ પ્રતિબધંક કાયદા વિરુદ્ધનું વર્તન. જોકે અપરાધની પરિભાષા સમયાંતરે બદલાતી હોય છે. કોઈ એક વર્તન માટે જે-તે સમયે કાયદો બનાવવામાં આવે તો કાયદો બન્યા પહેલાં તે વર્તનને અપરાધ ગણાવી શકાય નહિ; પરંતુ કાયદો બન્યા પછી તેને અપરાધ કહેવામાં આવે છે. દા.ત., 2005નો ઘરેલું હિંસા અધિનિયમ. જ્યારે વ્યક્તિ કે સમૂહ સમાજમાં પ્રસ્થાપિત લોકરીતિ, રિવાજ, રૂઢિઓ જેવાં ધોરણોનું ઉલ્લંઘન કરે છે ત્યારે વ્યક્તિ કે સમૂહના આ વર્તનને સમાજવિરોધી વર્તન ગણાવી શકાય. દા.ત., આંતરજ્ઞાતીય કે આંતરધર્મીય લગ્ન.

વિદ્યાર્થીમિત્રો, ધોરણભંગ વર્તનની સમજૂતી મેળવ્યા બાદ હવે આપણે બાળ અપરાધ વિશે માહિતી મેળવીએ.

**બાળ અપરાધ :**

માનવજીવનના પ્રારંભિક તબક્કાથી જ બાળક સમાજનાં ધોરણો, મૂલ્યો, જેવી સાંસ્કૃતિક બાબતોને જીવનમાં આત્મસાત્ કરવા માટે પ્રયત્નશીલ હોય છે. ખાસ કરીને અન્યના અનુકરણથી શીખીને ભાવિ જીવનમાં સમજદાર વ્યક્તિ તરીકેની ભૂમિકા ભજવવા માટે તે તૈયાર થતો હોય છે. બાલ્યાવસ્થામાં બાળકમાં અજ્ઞાનતા, અણસમજ, ચંચળતા હોય છે. આ અવસ્થામાં સમાજ કે કાયદાના ધોરણથી વિરુદ્ધ વર્તન જોવા મળે ત્યારે તેવું વર્તન કરનારાં બાળકોનાં વર્તનો આપણને બાળ અપરાધ વિશે વિચારવા પ્રેરે છે.

બાળ અપરાધને અંગ્રેજીમાં 'Juvenile Deliquency' તરીકે ઓળખવામાં આવે છે. બાળ અપરાધનો ખ્યાલ ઉંમર સાથે સંકળાયેલો છે. સામાન્ય રીતે 7 વર્ષથી 18 વર્ષની વચ્ચેની ઉંમર ધરાવતી વ્યક્તિના ગેરકાનૂની વર્તનને બાળ અપરાધ તરીકે અને આવું ગેરકાનૂની વર્તન કરનાર બાળકને બાળ અપરાધી તરીકે ઓળખવામાં આવે છે. સમાજમાં જોવા મળતા અને વધતા જતાં બાળ અપરાધના વ્યાપથી સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓનું ધ્યાન આકર્ષાયું છે. વર્તમાન સમયમાં ભારતમાં બાળ અપરાધના વધતા જતા પ્રમાણ અને તેની ઉંમરને ધ્યાનમાં લઈ સંસદે ખરડો પસાર કર્યો તે મુજબ તા. 31-12-2015થી અમલમાં આવેલ જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટની કલમ 2(12) 'બાળક એટલે જેમની ઉંમર 18 વર્ષ સુધીની હોય' તે ઉંમર સુધીના બાળક દ્વારા જ્યારે ધોરણ વિરુદ્ધનું વર્તન થાય તો તેને બાળ અપરાધ અને તેવું વર્તન કરનાર બાળકને બાળ અપરાધી કહેવાય.

**બાળ અપરાધની વ્યાખ્યા**

**પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર** : 'વિશાળ અર્થમાં બાળ અપરાધ અમુક ઉંમરથી નીચેની ઉંમરનાં બાળકો અને કિશોરોના એવાં સમાજ વિરોધી કૃત્યો સૂચિત કરે છે કે જે સ્પષ્ટ રીતે કાયદાથી પ્રતિબંધિત થયા હોય છે અથવા કાયદામાં જે કૃત્યનું અર્થઘટન અપરાધ તરીકે કરીને તેની સામે કંઈક સત્તાવાર પગલાં નક્કી કરવામાં આવ્યા હોય એવાં કૃત્યો.

**હંસા શેઠ** – 'સમાજશાસ્ત્રીય સંશોધનમાં 'બાળ અપરાધી' શબ્દ ફક્ત એવાં બાળકોને સૂચિત કરે છે કે જે બાળકોની સામે પોલીસ અધિકારીઓએ અથવા અદાલતી સત્તાવાળાઓએ સત્તાવાર રીતે કોઈ પગલાં લીધાં હોય છે.'

**શેઠના** - 'બાળ અપરાધ એ જે તે પ્રદેશના કાયદા દ્વારા પરિભાષિત થયેલા નાની ઉંમરના બાળકો દ્વારા કરવામાં આવતું વિચલિત વર્તન છે.'

ટૂંકમા બાળકો દ્વારા કરવામાં આવતાં એવાં વર્તનો કે જે સમાજના સામાજિક અને સાંસ્કૃતિક માળખાંથી વિરુદ્ધનાં હોય અને સમગ્ર સમાજના વિઘટન માટે જવાબદાર હોય એટલે બાળ અપરાધ અને આવો અપરાધ કરનાર બાળક એટલે બાળ અપરાધી.

**બાળ અપરાધનાં કારણો**

સામાન્ય રીતે કોઈ ઘટના માટે માત્ર એક જ કારણ જવાબદાર હોય તેવું બનતું હોતું નથી. આ હકીકત બાળ અપરાધ માટે પણ એવી જ રીતે લાગુ પડે છે. બાળ અપરાધ માટે જોવા મળતાં અનેક કારણોની એક વિશેષતા એ છે કે આ બધાં જ કારણો એકબીજા સાથે એવી રીતે સંકળાયેલાં છે કે તેમને અલગ અલગ દર્શાવવા મુશ્કેલ

છે. બાળ અપરાધ માટે જવાબદાર કારણોને આપણે મુખ્યત્વે બે વિભાગમાં વિભાજિત કરીએ શકીએ :

**(1) સામાજિક અને આર્થિક કારણ :**

બાળકોનાં ધોરણભંગ વર્તન માટે સામાજિક–આર્થિક કારણોની પ્રબળ અસર જોવા મળે છે. સામાજિક–આર્થિક કારણોમાં કુટુંબ, શાળા, સમવયસ્ક જૂથો, સંપર્ક માધ્યમો વગેરેનો સમાવેશ થાય છે. અહીં આ કારણોની વિસ્તૃત સમજ મેળવીએ.

**(1) કુટુંબ :**

કુટુંબ સામાજિકીકરણ કરનારું પાયાનું એકમ છે. માતા-પિતા અને બાળકો વચ્ચેના ખામીભર્યા સંબંધો, કુટુંબનું કદ, માતા-પિતા દ્વારા પ્રયોજવામાં આવતી બાળકના વર્તન માટેની નિયંત્રણશૈલી, કુટુંબનું શિક્ષણ, કુટુંબની સામાજિક–આર્થિક સ્થિતિ જેવાં અનેકવિધ પરિબળો બાળકનાં સામાજિકીકરણ પર અસર કરતાં હોય છે. કુટુંબ દ્વારા બાળકને મળતા પ્રેમ, લાગણી અને હૂંફ વડે બાળકની શારીરિક–માનસિક જરૂરિયાતો સંતોષાતી હોય છે. આ જરૂરિયાતોનો સંતોષ બાળકમાં સામાજિક–માનસિક સલામતીની લાગણી જન્માવે છે. જો પરિવારમાં બાલ્યાવસ્થાના તબક્કામાં પતિ-પત્ની વચ્ચેના કે માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો ખામીભર્યા હોય તો બાળકનો ભાવાત્મક વિકાસ રુંધાય છે. કૌટુંબિક સંબંધોમાં આ પ્રકારની વિસંવાદિતા બાળકમાં અસલામતી અને તિરસ્કારની ભાવના જન્માવે છે. કુટુંબના સભ્યો સાથે તાદાત્મ્યના અભાવના કારણે બાળક પોતાનો મોટા ભાગનો સમય ઘરની બહાર પસાર કરવા પ્રેરાય છે. આવા સમયે જો તેને ઘરની બહાર પણ યોગ્ય વાતાવરણ ન મળે તો તે અપરાધી પ્રવૃત્તિ કરવા તરફ ધકેલાય છે.

ગરીબ કુટુંબમાં જો બાળકોની સભ્યસંખ્યા વધારે હોય તો તેની સીધી અસર બાળકના શિક્ષણ પર થતી હોય છે. આવા કુટુંબમાં ખૂબ નાની ઉંમરે બાળકે આર્થિક પ્રવૃત્તિમાં જોડાવું પડે છે. વળી, કુટુંબના વડીલો પણ આર્થિક જરૂરિયાતોની પૂર્તિ માટે વ્યસ્ત હોવાને કારણે તેઓ બાળકનાં ઉછેરમાં પૂરતું ધ્યાન આપી શકતા નથી. આવા સંજોગો બાળકને અપરાધી પ્રવૃત્તિ તરફ ખેંચી જાય છે.

કુટુંબમાં બાળકો સાથેની નિયંત્રણશૈલી પણ બાળકના સામાજિકીકરણમાં વિકૃતિ સર્જે છે. જેમ કે, માતા-પિતા દ્વારા સખત અને કડક નિયંત્રણ કે શિથિલ નિયંત્રણ કે પછી નિયંત્રણનો અભાવ તથા વિરોધાભાસી નિયંત્રણ પદ્ધતિ બાળકના વ્યક્તિત્વ વિકાસમાં અવરોધક બને છે. ક્યારેક બાળકની વાજબી જરૂરિયાતોની માંગને કડકપણે દબાવી દેવામાં આવે ત્યારે બાળક અનુચિત પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે. દા.ત., ઘરમાંથી ભાગી જવું, નાની નાની ચોરી કરવી વગેરે. બાળકોનાં વર્તનને નિયંત્રિત કરવાની માતા-પિતા બંનેની પદ્ધતિમાં સમાનતા હોવી જરૂરી છે. જો તેમની પદ્ધતિમાં વિરોધાભાસ હોય તો બાળકમાં કોઈ એક ચોક્કસ વર્તનઢબનો વિકાસ થતો નથી. આવા સંજોગોમાં બાળક કુટુંબના સભ્યો સિવાય અન્યને પ્રેરણાસ્ત્રોત બનાવી તેના જેવું વર્તન કરવા પ્રેરાય છે, જે તેનામાં વિચલનની શક્યતા વધારે છે. વળી, છૂટાછેડા કે મૃત્યુ જેવાં કારણોથી ઊભા થયેલા ભગ્ન કુટુંબમાં બાળક વંચિતતા અનુભવે છે જે તેના સામાજિકીકરણને અસર કરે છે.

**(2) શાળા :**

કુટુંબની જેમ શાળા પણ સામાજિકીકરણ પર અસર કરતું એક અગત્યનું માધ્યમ છે. શાળાજીવનના અનુભવો બાળકના વ્યક્તિત્વના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શાળા કક્ષાએ જો શિસ્તનો અતિરેક થાય કે બાળકને જાણે-અજાણે વારંવાર શિક્ષા કે સજાનો ભોગ બનવું પડતું હોય કે પછી માનસિક ત્રાસ આપે એવાં ધોરણો શાળામાં પ્રવર્તતાં હોય તો બાળક શાળા અને શિક્ષણથી વિમુખ થાય છે. આ પરિસ્થિતિથી દૂર રહેવાના પ્રયત્નના ભાગરૂપે બાળક શાળામાંથી પલાયન થવાનું કે નાસી જવાનું વધુ ઉચિત માને છે. શાળા અને ઘરમાંથી લાંબા સમય સુધી બહાર રહેવાનાં કારણે જો બહાર તેને યોગ્ય વાતાવરણ ન મળે તો અજાણતા પણ તેનાથી વિચલિત વર્તન થવાની શક્યતા વધી જાય છે.

**(3) સમવયસ્ક જૂથ :**

સમવયસ્ક જૂથ એટલે સમાન ઉંમરની વ્યક્તિઓનું બનેલું જૂથ. આ જૂથ બાળકના વિકાસ અને વ્યક્તિત્વ ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પોતાની જ ઉંમરના મિત્રો સાથેનો સંપર્ક અને સહવાસ તે જૂથ તરફ બાળકનું તાદાત્મ્ય અને આત્મીયતા વધારે છે. જુદી જુદી સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી આવતા આ જૂથના મિત્રોના આચાર-વિચારની સીધી અસર બાળકના માનસપટ પર પડતી હોય છે. આવા સમયે ખરાબ મિત્રોની સોબત તેને ધોરણ વિરુદ્ધ વર્તન કરવા પ્રેરણા આપે છે.

**(4) સમૂહ માધ્યમો :**

ચલચિત્રો, વર્તમાનપત્રો, ટેલિવિઝન, મોબાઇલ અને ઇન્ટરનેટ જેવાં સમૂહ માધ્યમોના અતિરેકથી બાળકો

જાણે-અજાણે ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલાય છે. આ સમૂહ માધ્યમો દ્વારા રોજબરોજ પ્રસારિત થતા અપરાધી વર્તનના સમાચારો અને અશ્લીલતાએ બાળમાનસ પર વિકૃત અસર ઊભી કરી છે. જિજ્ઞાસા, કુતૂહલ, અજ્ઞાનતા અને સારા-નરસાના વિવેકભાનનો અભાવ જેવાં પરિબળો બાળકને ધોરણભંગ વર્તન તરફ ખેંચી જાય છે.

**(5) શહેરી વાતાવરણ :**

શહેરી વાતાવરણ કેટલેક અંશે બાળકોના અપરાધી વર્તનને ઉત્તેજન પૂરું પાડે છે. શહેરી સમુદાય એક દૂરવર્તી સમુદાય છે. શહેરમાં ગુનાહિત વર્તનને છુપાવી શકાય તેમ હોવાથી બાળકને પોતાની ઓળખનો ભય ઓછો રહે છે. વળી, ગંદા વસવાટો, વસ્તીની ગીચતા જેવાં પરિબળોને કારણે સામાજિક નિયંત્રણની અસરકારકતા ઘટે છે. શહેરનું આવું વાતાવરણ બાળકની અપરાધી પ્રવૃત્તિમાં વધારો કરવામાં એક યા બીજી રીતે ભાગ ભજવે છે અને બાળકને ધોરણભંગ વર્તન તરફ ધકેલે છે.

**(2) વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક કારણ :**

બાળ અપરાધ માટે વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક કારણો પણ અગત્યનો ભાગ ભજવે છે. જો બાળક યોગ્ય-અયોગ્યનો વિચાર કરવા અશક્તિમાન હોય તો તે બાળક વિચલન તરફ વળે છે. આ ઉપરાંત વિદ્રોહ કરવાનું વલણ, મનસ્વીપણું, અસલામતીની લાગણી, ડરપોકપણું, આત્મનિયંત્રણનો અભાવ, લઘુતાગ્રંથિ, સહાનુભૂતિનો અભાવ, હતાશા, નિરાશા અને હિંસાત્મક પ્રવૃત્તિ જેવાં અનેક પરિબળોની હાજરી બાળકને સમાજવિરોધી કે ધોરણ વિરુદ્ધ વર્તન કરવા તરફ લઈ જાય છે.

ટૂંકમાં એક વાત ચોક્કસ છે કે કોઈ પણ બાળક જન્મથી અપરાધી હોતું નથી; પરંતુ તે બાળકની આજુબાજુનું વાતાવરણ અને વ્યક્તિમત્તાજન્ય પરિબળો તેને અપરાધી બનાવવા અને ધોરણભંગ વર્તન કરવામાં અગત્યની ભૂમિકા ભજવતા હોય છે. આથી એમ કહી શકાય કે વ્યક્તિત્વ એ સંસ્કૃતિની છીપમાં પાકતું મોતી છે.

આમ, ઉપર્યુક્ત પરિબળો બાળકના સામાજિક અને માનસિક વિકાસ પર અસર કરતાં હોય છે. આ પરિબળોમાંથી કોઈ એક પરિબળમાં ઊણપ ઊભી થાય તો તેની સીધી અસર બાળકના વર્તન પર થાય છે, જે તેને વિચલન કરવા પ્રેરે છે.

**બાળ અપરાધ સુધારણા**

બાળ અપરાધની સમસ્યા કોઈ પણ સમાજ માટે પડકારરૂપ છે. દેશની આવતીકાલ સમા આ બાળકોમાં રહેલ અપરાધી વૃત્તિને સજાના માધ્યમથી નહિ; પરંતુ સુધારણાના માધ્યમથી રચનાત્મક બનાવવી એ પાયાની જરૂરિયાત છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતના સંવિધાનમાં બાળકો માટે કેટલીક કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓ અનુસાર કેટલીક સંસ્થાઓની સ્થાપના પણ કરવામાં આવી છે, જેનું સંચાલન સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા થાય છે. રાજ્યને આ સંસ્થાઓની આર્થિક અને વહીવટી જવાબદારીઓ સોંપવામાં આવેલ છે. આ પૈકીની અગત્યની સંસ્થાઓ નીચે મુજબ છે :

**(1) બાળ અદાલત :**

દેશની સામાન્ય અદાલત કરતાં બાળ અદાલત જુદી પડે છે. ભારતમાં કોલકત્તામાં 1941માં પ્રથમ બાળ અદાલતની સ્થાપના કરવામાં આવી. બાળ અદાલતમાં સામાન્ય રીતે 16 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો કે જેણે અપરાધી પ્રવૃત્તિ કરી હોય, તેમની સામે કાર્યવાહી કરવામાં આવે છે. બાળ અદાલતના ન્યાયાધીશો કાયદાના નિષ્ણાત અને બાળમનોવિજ્ઞાનની તાલીમ પામેલા હોય છે. બાળ અદાલતનું વાતાવરણ સહાનુભૂતિપૂર્ણ હોય છે. બાળ અદાલત બાળકે કરેલા અપરાધી વર્તનનાં કારણોની સંપૂર્ણ જાણકારી મેળવી, બાળકને સજા નહિ; પરંતુ સુધારવા માટે સુધારણા ગૃહમાં મોકલી આપે છે.

**(2) પ્રોબેશન :**

પ્રોબેશન એટલે અજમાયશી મુક્તિ. જ્યારે કોઈ પણ બાળક પ્રથમ વખત ગુનાહિત પ્રવૃત્તિ કે વર્તન કરે અને તે બાળ અદાલતમાં સાબિત થઈ જાય ત્યારે તેવું વર્તન કરનાર બાળકને બાળ અદાલત સુધારગૃહમાં મોકલવાને બદલે પ્રોબેશન પર મોકલે છે. પ્રોબેશનના સમયમાં બાળ અપરાધીના કુટુંબ અને સમાજજીવન સાથેના સંબંધો યથાવત્ ચાલુ રહે છે; પરંતુ બાળ અદાલત જે સમયગાળો નક્કી કરે ત્યાં સુધી બાળ અપરાધીને પ્રોબેશન અધિકારીની દેખરેખ હેઠળ રહેવાનું હોય છે. ત્યાં પ્રોબેશન અધિકારી બાળ અપરાધીનાં દરેક ક્ષેત્રો જેવાં કે કુટુંબ, મિત્રો અને પડોશ જૂથ સાથેના વર્તનનું નિરીક્ષણ કરે છે. ટૂંકમાં પ્રોબેશન વ્યવસ્થાનો મુખ્ય હેતુ બાળ અપરાધીના સમાજજીવન અને કુટુંબજીવનને જાળવી રાખી બાળ અપરાધીની સુધારણા કરવી તે છે.

**(3) સુધારશાળાઓ :**

જે રાજ્યમાં બાળકાયદાઓ અમલમાં નથી તેવાં રાજ્યોમાં 1987માં રિફૉર્મેટરી સ્કૂલ ઍક્ટની જોગવાઈ અનુસાર સુધારશાળાઓની સ્થાપના કરવામાં આવી છે. બાળ અદાલત જે બાળકોનો અપરાધ સાબિત થાય તેવાં બાળકોને આ સુધારશાળાઓમાં મોકલે છે. 15 વર્ષથી નીચેની ઉંમરના કોઈ બાળકે ગંભીર ગુનાઓ કર્યા હોય તેવાં બાળકોને 3 થી 7 વર્ષના સમયગાળા સુધી આ શાળામાં રાખવામાં આવે છે. આ સુધારશાળામાં બાળકને યોગ્ય વાતાવરણ અને જીવન-જરૂરિયાતની સગવડ આપી સુધારણા માટેના પ્રયાસો કરવામાં આવે છે. સાથે સાથે ભાવિ જીવનમાં સ્વાવલંબન પ્રાપ્ત કરી શકે અને આજીવિકા મેળવી શકે તે માટે બાળકોને ખાસ કરીને શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવે છે.

**(4) બોસ્ટલ શાળાઓ :**

બોસ્ટલ શાળાની સ્થાપના સૌપ્રથમ 1902માં ઇંગ્લૅન્ડના બોસ્ટલ નામના શહેરમાં કરવામાં આવી હતી, તેથી આ શાળા બોસ્ટલ શાળાના નામથી ઓળખાય છે. કાનૂની જોગવાઈઓ અનુસાર ભારતમાં પણ આવી શાળાઓની સ્થાપના કરવામાં આવી છે. આ શાળામાં 15 થી 21 વર્ષ સુધીની ઉંમરના કિશોર અને યુવક અપરાધીઓની સુધારણા માટેની વિશિષ્ટ જોગવાઈઓનો પ્રબંધ કરવામાં આવ્યો છે. જે રાજ્યમાં બાળકાયદાઓ અમલમાં છે ત્યાં 15 થી 21 વર્ષ સુધીના બાળ અપરાધીઓને આ શાળામાં રાખવામાં આવે છે. બોસ્ટલ શાળા બે પ્રકારની છે : (1) બંધ બોસ્ટલ શાળા અને (2) ખુલ્લી બોસ્ટલ શાળા.

આ બંને પ્રકારની શાળામાં બાળ અપરાધીની વય મુજબ છોકરાઓ અને છોકરીઓને ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે. આ તાલીમમાં છોકરાઓને ખેતીકામ, ઉદ્યોગ અને બાંધકામ વગેરેની તાલીમ અને છોકરીઓને રસોઈ, ગૃહ વિષયક કામગીરીની તાલીમ આપવામાં આવે છે.

સામાન્ય રીતે બોસ્ટલ શાળામાં બેથી ત્રણ વર્ષના સમયગાળા માટે અપરાધીને રાખવાના હોય છે. છતાં બાળકની સારી વર્તણૂકને ધ્યાનમાં લઈ આ શાળામાંથી વહેલા મુક્ત કરવાનો નિર્ણય આ સંસ્થાના સત્તાધીશો કરી શકે છે. બોસ્ટલ શાળામાંથી મુક્ત કરવામાં આવેલ બાળકના નિરીક્ષણ અને તે બાળકને યોગ્ય વ્યવસાયમાં ગોઠવવાની જવાબદારી પ્રોબેશન અધિકારીને સોંપવામાં આવે છે.

**(5) પ્રમાણિત શાળાઓ :**

જે રાજ્યમાં બાળકાયદાનો અમલ થાય છે તેવાં રાજ્યોમાં બાળ અપરાધીની સુધારણા માટે પ્રમાણિત શાળાઓની સ્થાપના કરવામાં આવી છે. આવી શાળાઓ ખાનગી સંસ્થાઓ દ્વારા અને જાહેર ફંડની મદદથી ચલાવવામાં આવતી હોય છે. આ શાળામાં બાળકની દેખભાળ, ઉપચાર અને સુધારણા કરવામાં આવે છે. સામાન્ય રીતે પ્રમાણિત શાળાના મુખ્ય બે પ્રકાર છે : (1) જુનિયર પ્રમાણિત શાળા અને (2) સિનિયર પ્રમાણિત શાળા. 12 વર્ષથી ઓછી ઉંમરના બાળ અપરાધીઓને જુનિયર પ્રમાણિત શાળામાં અને 12 થી 16 વર્ષ સુધીના કિશોર અપરાધીને સિનિયર પ્રમાણિત શાળામાં મોકલવામાં આવે છે. અહીં તેમને સામાન્ય શિક્ષણ સાથે ટેક્નિકલ શિક્ષણ આપવામાં આવે છે. પ્રમાણિત શાળામાંથી મુક્ત કરાયેલ બાળકની દેખરેખની જવાબદારી સ્થાનિક કાર્યકર કે પ્રોબેશન અધિકારીને સોંપવામાં આવે છે જે, તે બાળકોનું નિરીક્ષણ કરવાનું કાર્ય કરે છે.

**(6) પાલક ગૃહ :**

પ્રમાણિત શાળામાં મોકલી ન શકાય તેવાં 10 વર્ષથી નીચેની ઉંમરના બાળ અપરાધીઓ માટે આવાં પાલક ગૃહો ચલાવવામાં આવે છે. આ પાલક ગૃહોમાં બાળકને કૌટુંબિક વાતાવરણ મળી રહે તેવા પ્રયત્નો સાથે તેમને સુધારવાના પ્રયાસ કરવામાં આવે છે. આવા પાલક ગૃહો સરકારની આર્થિક મદદ અને ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા હોય છે.

**(7) બાળસંરક્ષણ ગૃહ (રિમાન્ડ હોમ) :**

બાળ અપરાધીને સુરક્ષિત રાખવાનું એક સ્થળ એટલે રિમાન્ડ હોમ. બાળધારા અનુસાર કોઈ બાળકની અટકાયત કરવામાં આવે અને તેનો કેસ બાળ અદાલતમાં પૂર્ણ ન થાય ત્યાં સુધી તેવા બાળકને આવા બાળસંરક્ષણ ગૃહમાં રાખવામાં આવે છે. અહીં બાળકો સાથે તાદાત્મ્ય સાધી જરૂરી એવી માહિતી એકત્ર કરી બાળવર્તનનું નિરીક્ષણ અને વર્ગીકરણનું કાર્ય કરવામાં આવે છે. બાળસંરક્ષણ ગૃહ સામાન્યતઃ ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે અને સરકાર તેને આર્થિક મદદ કરે છે.

આમ, આ સંસ્થાઓ અપરાધી બાળકોનાં વર્તનમાં સુધારો કરી, તેમનામાં સમાજનાં ધોરણો અને મૂલ્યોનું આંતરિકીકરણ કરે છે. આ રીતે જોઈએ તો એક આદર્શ યુવા નાગરિક તૈયાર કરવામાં આ સંસ્થાઓનું યોગદાન ઘણું મહત્ત્વનું છે.

## યુવાઅજંપો


વર્તમાન જગત યુવા કેન્દ્રિત થતું જાય છે. યુવાનોનો સ્વતંત્ર શક્તિ તરીકે સ્વીકાર થવા લાગ્યો છે. ભારત યુવાનોનો દેશ બન્યો છે, કારણ કે ભારતમાં 65 % વસ્તી યુવાનોની છે. આવા યુવાનો આવતી કાલના સમાજ અને રાષ્ટ્રનું ભાવિ છે. જો તેઓની સર્જનાત્મકતાનો લાભ લેવામાં આવે તો ગૌરવશાળી સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે.

રાષ્ટ્રની કરોડરજ્જુ અને સમાજના મહત્ત્વના ઘટક એવા યુવાનો શું કરી રહ્યાં છે, શું વિચારી રહ્યાં છે, તેમની સમક્ષ કેવા પડકારો છે, તે જાણી તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો રાષ્ટ્ર અને સમાજ બંનેને લાભ થશે. આ માટે જ આપણે અહીં, યુવાન એટલે શું ? યુવા અજંપો એટલે શું ? અને તેનાં કારણો કયાં છે ? તે અંગેની વિસ્તૃત સમજ મેળવીશું.

## યુવાન એટલે શું ?

યુવાની એ જૈવિક પરિબળ છે. જૈવકીય પાસાને લક્ષમાં લઈએ તો કહી શકાય કે 15થી 35 વર્ષની વય ધરાવતી વ્યક્તિઓ માટે પ્રયોજવામાં આવતો શબ્દ એટલે 'યુવાન.'

જાણીતા યુવા અભ્યાસી ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ, 'કૉલેજના યુવાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ'માં યુવાનની લાક્ષણિકતા દર્શાવતા નોંધે છે કે, 'યુવાન એટલે થનગનતા, આદર્શવાદી, જલદી ગુસ્સે થનારા, જલદી ભૂલી જનારા, વધુ કાર્યરત, બોલકા, ઉત્સાહી, તોછડા, હિંસક તથા શક્તિશાળી હોય છે. તેઓ ખૂબ ઝડપથી ઉષ્માભર્યા પ્રેમસંબંધો બાંધે છે. વળી, એટલી જ ઝડપથી આ સંબંધો તોડી પણ નાંખે છે. તેઓ અત્યંત આશાવાદથી માંડી નિરાશાવાદ સુધીનો દૃષ્ટિકોણ ધરાવે છે. તેઓ હંમેશાં નવી ટેક્નોલૉજી અને અજાણ્યામાં રસ લેવાની વૃત્તિ ધરાવે છે.'



**યુવા અજંપો**

## યુવાઅજંપો એટલે શું ?

કોઈ પણ દેશ કે સમાજના વિકાસનો આધાર તે દેશના યુવાનો (યુવક-યુવતી) પર રહેલો હોય છે. યુવાનોમાં રહેલી શક્તિઓ સમાજને એક નવી દિશામાં લઈ જવા સક્ષમ હોય છે. નવી દૃષ્ટિ, શારીરિક અને માનસિક શક્તિથી સુસજ્જ યુવાનને તેની કલ્પનાશક્તિ, તર્કશક્તિ, નક્કી કરેલા ધ્યેયને પ્રાપ્ત કરવાની ધગશ તેને અનેકવિધ પ્રવૃત્તિ કરવાની તાકાત અને પ્રેરણા આપે છે. આજના યુવાનોમાં યુગપરિવર્તન સાથે અનેક ધ્યેયો, અપેક્ષાઓ, ઇચ્છાઓ અને મહત્ત્વાકાંક્ષાઓએ જન્મ લીધો છે. આ મહત્ત્વાકાંક્ષાઓને પ્રાપ્ત કરવા યુવાનો મહેનત અને ઉત્સાહ સાથે કટિબદ્ધ પણ થયા છે. આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાની જાતનો સુમેળ સાધી ઇચ્છા, અપેક્ષાના સંતોષ માટે સ્પર્ધા કરતા થયા છે. નવી શિક્ષણ પ્રણાલીઓ અને ટેક્નોલૉજીના ઉપયોગ સાથે સુમેળ સાધી ઇચ્છિત ધ્યેયપ્રાપ્તિની દિશામાં કાર્ય કરતા થયા છે. આવા સંજોગોમાં તેઓ જીવનમાં ઇચ્છાઓ, અપેક્ષાઓ કે ધ્યેય પ્રાપ્ત કરવાના માર્ગમાં કોઈ અંતરાય કે અવરોધ અનુભવે છે, ત્યારે તેની અસર તેમના માનસપટ પર થાય છે. આચાર અને વિચાર એ એક સિક્કાની બે બાજુ છે. યુવાવર્ગના માનસમાં ધ્યેયપ્રાપ્તિની વંચિતતાની જે અસર ઉદ્ભવે છે તે છે - અસંતોષ. યુવાનોનો આ અસંતોષ એટલે યુવાઅજંપો.

યુવાનોનો આ અસંતોષ સમગ્ર સમાજ કે તેના કોઈ એક ભાગ કે ભાગો તરફનો હોય છે. એ અસંતોષની અભિવ્યક્તિ જુદી જુદી રીતે વ્યક્ત થતી જોવા મળે છે. કેટલીક વખત યુવાનોની અભિવ્યક્તિ સમાજમાં ખંડનાત્મક કે હિંસાત્મક સ્વરૂપે પણ જોવા મળે છે, જે સમાજ માટે પડકારજનક બને છે. યુવાનોનું આવું વર્તન સમાજમાં સલામતી, સુરક્ષા અને વ્યવસ્થા માટે ચિંતાનો વિષય બની જાય છે.

યુવાનોની જરૂરિયાતની પૂર્તિ ન થાય અને તેમની સમસ્યાનો ઉકેલ ન આવે ત્યારે યુવાનો જે વર્તન કરે તે વર્તનમાં તેમની લાગણી, માંગણી અને અસંતોષની અભિવ્યક્તિ થતી હોય તેને યુવા અજંપો કહેવામાં આવે છે. આવી અભિવ્યક્તિ સંગઠિત રીતે આંદોલન, ઘેરાવ, સરઘસ કે હડતાળ સ્વરૂપે દૃષ્ટિગોચર થતી હોય છે. ખાસ કરીને શિક્ષણસંસ્થા સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના અજંપાની સ્થિતિને યુવાઅજંપો કહી શકાય.

યુવાશક્તિ એ અણુશક્તિ જેવી છે. જો તેનો સદુપયોગ કરવામાં આવે તો વિશ્વકલ્યાણ થઈ જાય અને જો

દુરુપયોગ  કરવામાં આવે તો વિશ્વ વિનાશ. યુવાવર્ગમાં અશાંતિ કે અસંતોષ દેશ અને સમાજના ઉજ્જ્વળ ભવિષ્યને અવરોધે છે. યુવા અજંપાનો ફેલાવો છેલ્લા કેટલાક સમયથી વધતો જાય છે, જે સમગ્ર સમાજવ્યવસ્થા માટે સમસ્યારૂપ છે.

**યુવાઅજંપાનાં કારણો**

સમાજની કોઈ પણ સમસ્યા માટે અનેક પરિબળો જવાબદાર હોય છે, તેમ યુવાઅજંપા માટે પણ અનેક કારણો જવાબદાર છે. આ કારણોનું વિસ્તૃત વર્ણન નીચે મુજબ છે :

**(1) સામાજિક કારણ :**

**(1) કુટુંબ :**

યુવાઅજંપા માટે સૌથી મહત્ત્વનું સામાજિક કારણ કુટુંબ છે. આધુનિક યુગમાં અનેકવવિધ પરિબળોએ કુટુંબ સંસ્થામાં પરિવર્તન નિપજાવ્યું છે. સંયુક્ત કુટુંબને બદલે નાનાં નાનાં વિભક્ત કુટુંબોનો વ્યાપ વધ્યો છે, જેણે કુટુંબજીવનમાં અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. રોજબરોજ પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષો, છૂટાછેડા, ભગ્ન કુટુંબો જેવાં પરિબળોની વિપરીત અસર યુવામાનસ પર પડી છે. વળી, મોંઘવારીના આ યુગમાં કૌટુંબિક જીવનના નિર્વાહ માટે પતિ-પત્ની બંનેએ નોકરી કે વ્યવસાયમાં જોડાવું પડે છે. આવા સંજોગોમાં તેઓ પોતાનાં સંતાનો માટે પૂરતો સમય આપી શકતા નથી. કુટુંબની આવી સ્થિતિમાં યુવાનોને માતા-પિતા પાસેથી જે પ્રેમ અને હૂંફની અપેક્ષા હોય છે તે સંતોષાતી નથી અને તેઓ એકલતા અને અસંતોષનો અનુભવ કરે છે. આ પરિસ્થિતિ યુવાઅજંપા માટે મહત્ત્વની પુરવાર થાય છે.

**(2) મૂલ્ય સંઘર્ષ :**

સમાજમાં પ્રસ્થાપિત મૂલ્યો વ્યક્તિને વર્તન કરવા માટે માર્ગદર્શન પૂરું પાડતા હોય છે. સમાજનાં આ મૂલ્યો નબળાં પડે કે તેમાં મૂળભૂત પરિવર્તન આવે ત્યારે યુવાનના માનસમાં મૂલ્યસંઘર્ષ ઊભો થાય છે. આગળ જતાં મૂલ્યોનો આવો સંઘર્ષ યુવાનોમાં અશાંતિ અને અજંપો ઊભો કરે છે. આ અજંપાની સ્થિતિ યુવાનને આંદોલન કે બળવો કરવા તરફ ધકેલે છે.

**(3) બદલાયેલાં ધ્યેયો :**

વર્તમાન સમયમાં યુવાનોનાં ધ્યેયોમાં બદલાવ આવ્યો છે. ખાસ કરીને જીવનમાં તમામ ક્ષેત્રે ઝડપથી સફળતા મેળવવી એ આજના યુવાનનો જાણે જીવનમંત્ર બની ગયો છે. ઉચ્ચ શિક્ષણ, સખત અને સતત મહેનતને બદલે યેનકેન પ્રકારે માત્ર સફળતા મેળવવાની દિશામાં તેમની હરણફાળ તથા ઊંચા જીવનની અપેક્ષા અને કદાચ ધારેલી સફળતા ન મળવાનો ભય તેમનામાં અજંપો ઊભો કરે છે.

**(4) પેઢી વચ્ચેનું અંતર :**

બે પેઢી વચ્ચે અંદાજે 20 વર્ષનું અંતર હોય છે. બે પેઢી વચ્ચે આ બે દાયકાના સમયગાળામાં અનેકવિધ પરિબળોને લીધે પરિસ્થિતિમાં થતો આ બદલાવ નવી અને જૂની પેઢી વચ્ચે મતભેદ સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા બે પેઢી વચ્ચેના મતભેદો પેઢીગાળો(જનરેશન ગેપ) તરીકે પણ ઓળખાય છે. સમાજમાં બધાં જ ક્ષેત્રોમાં આ પેઢીઅંતર જોવા મળે છે. વડીલો સમજી-વિચારીને શાંતિથી કાર્ય કરવામાં માને છે, જ્યારે યુવાનો દરેક બાબતે ઉતાવળા હોવા ઉપરાંત ક્રાંતિકારી વિચારો ધરાવતા હોવાથી તેમની વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. આ પેઢીઅંતર યુવાઅજંપા માટે જવાબદાર છે.

**(2) શૈક્ષણિક કારણ :**

યુવાનો એટલે પરિવર્તનના વાહકો. પરિવર્તનના આ વાહકો શિક્ષણ વ્યવસ્થામાં પણ ધરમૂળથી પરિવર્તન ઈચ્છે છે. શિક્ષણ પદ્ધતિ, અભ્યાસક્રમો અને પરીક્ષા પદ્ધતિમાં મોટો બદલાવ આવતો ન હોવાથી યુવાનો હતાશ થાય છે. દા.ત., આજની યુવાપેઢી 3G - 4Gના સેલફોન દ્વારા દુનિયાને મુઠ્ઠીમાં કરી લેતી હોય ત્યારે ચૉક-ડસ્ટર, પેન અને પેન્સિલ દ્વારા અપાતું શિક્ષણ  તેનામાં અસંતોષ ઊભો કરે છે.

સમાજના વિકાસનો આધાર શિક્ષણ પર રહેલો છે. શિક્ષણના વિકાસ સાથે શિક્ષિત યુવાનોને તેમની શૈક્ષણિક કક્ષા પ્રમાણે રોજગારી મળી રહે તો સાચા અર્થમાં વિકાસ થયો ગણાય;  પરંતુ વર્તમાન સ્થિતિ કંઈક જુદી છે. પ્રવર્તમાન સમયમાં શૈક્ષણિક ક્ષેત્રે માહિતીનો વિસ્ફોટ થયો છે. શિક્ષિત યુવાનોની સંખ્યામાં દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધારો નોંધાતો જાય છે. શિક્ષણના વધારા સાથે રોજગારીની તકોમાં પણ વધારો થવો જોઈએ; પરંતુ રોજગારીની પૂરતી તકોનો અભાવ શૈક્ષણિક બેકારોની સંખ્યામાં વધારો કરે છે. રોજગારી ન મેળવી શકવાની સ્થિતિ યુવાનોમાં હતાશા-નિરાશા જન્માવે છે, જે યુવાનોમાં અજંપાના ઉદ્ભવ માટે જવાબદાર છે.

યુવાનોને વિદ્યાર્થી જીવનમાં યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન મળે એ પણ જરૂરી છે. પરિવર્તન પામતી સમાજવ્યવસ્થા અને શિક્ષણના વિવિધ અભ્યાસક્રમોમાંથી વિષય તથા પ્રવાહની પસંદગી કરવામાં યોગ્ય માર્ગદર્શનનો અભાવ યુવાનોમાં બેચેની, હતાશા અને વ્યગ્રતા ઊભી કરે છે. જો માતા-પિતા યુવાનોની આ જરૂરિયાત પૂર્ણ કરી શકતા નથી, તો ઘણા કિસ્સાઓમાં યુવાનો ગેરવર્તન તરફ ફંટાતા જોવા મળે છે.

શિક્ષણવ્યવસ્થા યુવાનોના જીવનમાં બે પ્રકારનાં કાર્યો કરતી હોય છે. (1) યુવાનોને શિક્ષણ આપવું કે જેથી તે જીવનનિર્વાહ કરી શકે અને (2) સામાજિકીકરણ કરવું તે છે. યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી વધુ સારી સ્થિતિ માટે પ્રયત્ન કરે છે ત્યારે શિક્ષણની તુલનામાં નિમ્ન દરજ્જાની નોકરી મળે કે નોકરીની તક જ ન મળે જે તેની મહત્ત્વાકાંક્ષા માટે આંચકારૂપ સાબિત થતી હોય છે. પરિણામે શિક્ષણવ્યવસ્થા તરફ યુવાનોમાં અસંતોષ, આક્રોશ અને હતાશાનો ઉદ્ભવ કરાવે છે. વળી, શિક્ષણસંસ્થા યુવાનોમાં સામાજિક મૂલ્યો, લોકશાહીનાં મૂલ્યો, રાષ્ટ્રીય એકતાનાં મૂલ્યોનું સિંચન થાય તેવું વાતાવરણ આપી આદર્શ યુવાનોનું ઘડતર કરવામાં ઊણી ઊતરે છે, ત્યારે આ બંને સ્થિતિ યુવાનોમાં અજંપો ઊભો કરે છે.

**(3) જૈવિક અને મનોવૈજ્ઞાનિક કારણ :**

બાળક જ્યારે કિશોરાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે તેના શરીરમાં અંતસ્ત્રાવો બદલાય છે, જેની સીધી અસરો તેની મનઃસ્થિતિ પર પડે છે. આ અવસ્થામાં તેઓને ઘણુંબધું જાણવાની અને સમજવાની જિજ્ઞાસા હોય છે; પરંતુ કુટુંબ અને સમાજ તરફથી આ અંગે યોગ્ય સમયે, યોગ્ય માર્ગદર્શન ન મળતાં ઊભી થતી દ્વિધાત્મક પરિસ્થિતિમાં અજંપો અનુભવે છે.

આ અવસ્થામાં તેમનામાં અતિ લાગણી, જવાબદારીનો અભાવ, પૂર્ણ સમજશક્તિનો અભાવ હોય છે. આ અવસ્થામાં તેમને યોગ્ય માર્ગદર્શન મળે તો તે સમજપૂર્વક યોગ્ય વર્તન કરતા થઈ જાય છે અને જો યોગ્ય માર્ગદર્શન ન મળે તો સમાજ માટે ખંડનાત્મક વર્તન કરતા થઈ જાય છે. આ ઉંમરમાં તેમનામાં સ્વતંત્રતાની ભાવના પ્રબળ હોય છે જેથી તેઓ સત્તાનો વિરોધ કરવાનું વલણ ધરાવતા હોય છે. આ સમયે યુવાન બાહ્ય જીવનમાં અનેક વ્યક્તિ કે સંસ્થા કે માધ્યમોના સંપર્કમાં આવે તે બાહ્ય પરિબળોની અસરથી તેમનામાં અવનવા વિચારો ઉદ્ભવે છે. આવા વિચારોની હારમાળા તેમની વાર્તનિક અભિવ્યક્તિને અસર કરતી હોય તેવું પણ બને છે. આમ, અપરિપક્વતાની ઉંમરમાં અવનવા વિચારો તેમનામાં અસમંજસની સ્થિતિ ઊભી કરે છે, જે અસંતોષને જન્મ આપે છે.

યુવાનો એવી માન્યતા ધરાવતા હોય છે કે જ્યાં સુધી તેમની માગણી માટે પ્રબળ રજૂઆત કરવામાં નહિ આવે ત્યાં સુધી તેનો સ્વીકાર થશે નહિ. વળી, લોકશાહીમાં સ્વતંત્રતા અંગે (અહીં સ્વતંત્રતાનો અર્થ મનસ્વી વર્તન) ખોટા અર્થઘટનને કારણે તેઓ અયોગ્ય વર્તન દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરતા જોવા મળે છે. સતત મસ્તીમાં રહેતા અને હંમેશાં કોઈની રોકટોક વિના સ્વતંત્રતાની ઇચ્છા ધરાવતા યુવાનોનું માનસ ચંચળ છે. આવા યુવાનો કહેતા હોય છે કે અમારી ચિંતા કરી અમોને ડરપોક બનાવશો નહિ. અમો ભૂલ કરીશું પણ તેમાંથી શીખીને જવાબદાર પણ બનીશું. માટે યુવાનો સાથે વાતચીત કરી, ગમોઅણગમો મહેસૂસ કરી તેમને ખભો આપવો પડશે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે તેમના પ્રશ્નોને સમજી તેમને માર્ગદર્શન આપવું પડશે.

આમ, ધોરણ વિરુદ્ધ વર્તન માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. સમાજનું સુગ્રથન અને સાતત્ય જળવાઈ રહે તે માટે સમાજના પ્રત્યેક સભ્ય પ્રસ્થાપિત ધોરણો અને મૂલ્યોને આત્મસાત્ કરી, તેની વર્તનઢબને સમાજમાન્ય વર્તનરીતિમાં પરિવર્તિત કરે એ જરૂરી છે. ધોરણો અને મૂલ્યોને આત્મસાત્ કરવામાં નિષ્ફળતા ધોરણભંગ વર્તનની સ્થિતિ પેદા કરે છે. ધોરણભંગ વર્તનની આવી સ્થિતિ સમાજમાં અનેકવિધ સામાજિક સમસ્યાઓના ઉદ્ભવ માટે જવાબદાર બને છે. હવે પછીના એકમમાં આપણે સામાજિક સમસ્યાની વિસ્તૃત માહિતી મેળવીશું.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) બાળ અપરાધની વ્યાખ્યા આપી બાળ અપરાધનો અર્થ વિસ્તારથી સમજાવો.

(2) બાળ અપરાધનાં કારણો વિગતે ચર્ચો.

(3) બાળ અપરાધ સુધારણા સંસ્થાઓમાંથી કોઈ પણ પાંચ સંસ્થાઓની સમજૂતી આપો.

(4) યુવાઅજંપાનો અર્થ સ્પષ્ટ કરી તેનાં કારણો સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) બાળ અદાલત

(2) પ્રોબેશન

(3) બોસ્ટલ શાળાઓ
(4) યુવાઅજંપો
(5) સામાજિક ધોરણભંગ વર્તનનાં લક્ષણો

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સામાજિક ધોરણભંગની વ્યાખ્યા આપો.
(2) બાળ અપરાધની વ્યાખ્યા આપો.
(3) સમાજવિરોધી વર્તન કોને કહેવાય ?
(4) પ્રોબેશન એટલે શું ?
(5) યુવાઅજંપાનો અર્થ આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) રોબર્ટ મર્ટન સામાજિક ધોરણભંગ વર્તન કોને કહે છે ?
(2) અપરાધ કોને કહેવાય ?
(3) બાળ અપરાધી કોને કહેવાય ?
(4) બોસ્ટલ શાળાની સૌપ્રથમ સ્થાપના ક્યાં થઈ ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ધોરણભંગ વર્તનની વ્યાખ્યા આપનાર વિદ્વાન કોણ છે ? ☐
(અ) હોર્ટન અને હન્ટ (બ) ડૉ. હંસા શેઠ (ક) ફિડલેન્ડર (ડ) કાર્લ માર્ક્સ

(2) દહેજપ્રથા અધિનિયમ ક્યારે ઘડવામાં આવ્યો ? ☐
(અ) 1951 (બ) 1961 (ક) 1965 (ડ) 1972

(3) બાળ અપરાધીને સુરક્ષિત રાખવાનું સ્થળ એટલે. ☐
(અ) બાળઅદાલત (બ) રિમાન્ડ હોમ (ક) પાલકગૃહ (ડ) પ્રોબેશન

(4) ભારતમાં બાળ અદાલતની સ્થાપના ક્યારે કરવામાં આવી ? ☐
(અ) 1931 (બ) 1941 (ક) 1947 (ડ) 1950

(5) ઘરેલું હિંસા અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ? ☐
(અ) 2004 (બ) 2005 (ક) 2006 (ડ) 2007

**પ્રવૃત્તિ**

- સમાજમાં જોવા મળતા બાળ અપરાધના કિસ્સાઓનું વર્ણન કરી યાદી તૈયાર કરો.
- બાળ અપરાધમાં સમૂહ માધ્યમની અસર અંગે શાળામાં ચર્ચા સભાનું આયોજન કરો.
- તમારી આજુબાજુના વિસ્તારમાં બનતા ધોરણભંગ વર્તનના કિસ્સાની સામાજિક અસરો અંગે અહેવાલ તૈયાર કરો.

●